# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી

ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા.
જુનાગઢ. ગુજરાત(ભારત) ફો.(ઓ) : ૦૨૮૫–૨૬૮૧૪૦૦
Website : http://www.bknmu.edu.in Email. : cebknmu@gmail.com


પરીપત્ર:

**વિષય: આગામી ડિસેમ્બર-૨૦૨૦ દરમિયાન લેવાનાર પરીક્ષાઓની તારીખમાં ફેરફાર તથા પરીક્ષા કેન્દ્ર બદલવા ઇચ્છતાં વિદ્યાર્થીઓ માટે ઓનલાઇન પોર્ટલ શરૂ કરવા બાબત.**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ભવનના અધ્યક્ષશ્રીઓ, યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ, યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાઓ તેમજ તમામ વિદ્યાર્થીઓને જણાવવામાં આવે છે કે Covid-19 વૈશ્વિક મહામારીને ધ્યાને લઇ વિદ્યાર્થીઓના વિશાળ હિતમાં વિદ્યાર્થીઓ પોતાના રહેઠાણથી નજીકના પરીક્ષા કેન્દ્ર પર પરીક્ષા આપી શકે તે માટે પરીક્ષા કોર સમિતિની ભલામણ અનુસાર પરીક્ષા કેન્દ્ર બદલવા માટે વિદ્યાર્થીઓને આવશ્યક સમય મળી રહે તે હેતુસર યુનિવર્સિટીની પ્રથમ તબક્કાની પરીક્ષાઓ યુ.જી. સેમ. ૫ (ALL) તારીખ ૦૪/૧૨/૨૦૨૦ થી શરૂ થઇ રહી હતી તે તા.૧૪/૧૨/૨૦૨૦ ના રોજ શરૂ કરવામાં આવશે તેમજ દ્વિતીય તબક્કાની યુ.જી. સેમ. ૩ (ALL) તથા LL.B. સેમ.૩ તારીખ ૧૭/૧૨/૨૦૨૦ ના રોજ શરૂ થતી પરીક્ષાઓ તારીખ ૨૪/૧૨/૨૦૨૦ થી શરૂ કરવામાં આવશે તથા પી.જી. સેમ. ૩ (ALL) તથા B.Ed. સેમ.૩ તારીખ ૨૩/૧૨/૨૦૨૦ ના રોજ શરૂ થતી પરીક્ષાઓ તારીખ ૨૯/૧૨/૨૦૨૦ થી શરૂ કરવામાં આવશે.

માત્ર પ્રથમ તબક્કાના પરીક્ષાર્થીઓ પોતાના રહેઠાણથી નજીકના પરીક્ષા કેન્દ્ર પર પરીક્ષા આપી શકે તે માટે માન.કુલપતિશ્રીની આજ્ઞાનુસાર વિદ્યાર્થીઓના વિશાળ હિત ને ધ્યાને લઇ **"Student Examination Center Choice"** ઓનલાઇન પોર્ટલ તા.૦૩/૧૨/૨૦૨૦ થી તા.૦૫/૧૨/૨૦૨૦ રાત્રીનાં ૧૨:૦૦ વાગ્યા સુધી શરૂ કરવામાં આવશે તથા આ અંગેની માર્ગદર્શક સૂચનાઓ પરીપત્ર દ્વારા ટૂંક સમયમાં જણાવવામાં આવશે.

પરીક્ષા કેન્દ્ર બદલવા ઇચ્છતાં વિદ્યાર્થીઓએ પોતાનાં રહેઠાણ નજીકનું પરીક્ષા કેન્દ્ર **(Grand-in-aid તથા Government College)** (જે-તે સંબંધીત પરીક્ષાના તબક્કા મુજબ) પસંદ કરવા માટે વિદ્યાર્થીઓએ **http://bknmu.gipl.net/StudentExamCenterChoice.aspx** લીન્ક દ્વારા ઓનલાઇન પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરવા માટે રહેઠાણના જરૂરી દસ્તાવેજ જેવા કે આધાર કાર્ડ, ડ્રાઇવીંગ લાઇસન્સ, ચૂંટણી કાર્ડ પૈકી કોઇપણ એક દસ્તાવેજ અપલોડ કરવાનો રહેશે તથા અપલોડ કરેલ ઓરિજીનલ દસ્તાવેજ પરીક્ષા કેન્દ્ર પર પરીક્ષા વખતે રજૂ રાખવાનો રહેશે.

નોંધ:

આ ઓનલાઇન પોર્ટલ પર માત્ર પ્રથમ તબક્કાઓની પરીક્ષાઓના વિદ્યાર્થીઓએ જ રજીસ્ટ્રેશન કરવાનું રહેશે તથા દ્વિતીય તબક્કાઓની પરીક્ષાઓના વિદ્યાર્થીઓના ઓનલાઇન રજીસ્ટ્રેશન અંગેની તારીખ હવે પછી પરીપત્ર દ્વારા જણાવવામાં આવશે. જો કોઇ પરીક્ષા કેન્દ્ર પર નિયત સંખ્યાથી વધુ પરીક્ષાર્થીઓનું રજીસ્ટ્રેશન થશે તો યુનિવર્સિટી દ્વારા નજીકના અન્ય પરીક્ષા કેન્દ્ર પર પરીક્ષા આપવાની વ્યવસ્થા કરવામાં આવશે જે તમામ વિદ્યાર્થીઓએ માન્ય રાખવાનું રહેશે. આ બાબતે નિર્ણય કરવાની આખરી સત્તા યુનિવર્સિટીની રહેશે.

પરીક્ષા નિયામક

ક્રમાક/બીકેએનએમયુ/પરીક્ષા/૧૨૭૫/૨૦૨૦
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
તા.૨૮/૧૧/૨૦૨૦

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક ભવનના વડા તેમજ તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાઓ તથા અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ તથા વિદ્યાર્થી ભાઇઓ તથા બહેનો તરફ...

**નકલ સાદર રવાના:-**
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-**
(૧) આઈ.ટી.સેલ. વેબસાઈટ પર પ્રસિદ્ધ થવા અને યોગ્ય કાર્યવાહી અર્થે.